## તૈયાર રહો, સલામત રહો

જ્યારે ભૂતપૂર્વ ઉષ્ણકટિબંધીય ચક્રવાત આલ્ફ્રેડ ૨૦૨૫માં આપણાં પ્રદેશમાંથી પસાર થયું હતું, ત્યારે તેના પરથી સ્પષ્ટ થયું હતું કે ગંભીર હવામાન ભારે વરસાદ અને પૂરથી લઈને વીજપુરવઠો ખોરવાઇ જવા સુધી કેટલી ઝડપથી સમુદાયોને વિક્ષેપિત કરી શકે છે. યોજના વિચારી રાખવી, તમારા જોખમોને જાણવું અને માહિતગાર રહેવા જેવાં સરળ પગલાંઓ તમને અને તમારા પરિવારને સુરક્ષિત રાખવામાં મદદ કરી શકે છે.

## આપાતકાળ સંપર્ક નંબરો

**પોલીસ, અગ્નિશમનદળો, એમ્બ્યુલન્સ** — **૦૦૦**
ફક્ત જીવન જોખમમાં હોય તેવા આપાતકાળ માટે

**એસઇએસ** — **૧૩૨ ૫૦૦**
ક્ષતિગ્રસ્ત છત, પડી ગયેલા વૃક્ષો

**એનર્જેક્સ** — **૧૩૧ ૯૬૨**
ગંભીર વીજળી પરિસ્થિતિની જાણ કરવી
(દા.ત. વીજળીનાં તાર પડી ગયા હોય)

**એનર્જેક્સ** — **૧૩૬ ૨૬૨**
વીજળી બંધ થઇ જવી અને પુરવઠો ખોરવાવો

**લાઇફલાઇન** — **૧૩૧ ૧૧૪**
કટોકટીમાં સહાય

**ક્વીન્સલેન્ડ હેલ્થ** — **૧૩ ૪૩ ૨૫ ૮૪**
બિન-તાત્કાલિક આરોગ્ય સલાહ માટે

**પોલીસ લિંક** — **૧૩૧ ૪૪૪**
પોલીસ સહાય (જીવનું જોખમ ન હોય તેવી પરિસ્થિતિઓમાં).

## વિશ્વસનીય સોશિયલ મીડિયા સ્ત્રોતો

- ફેસબુક @LockyerValleyRegionalCouncil
- ફેસબુક @bureauofmeteorology
- ફેસબુક @qldfiredepartment
- ફેસબુક @QueenslandPolice

## વધુ માહિતી માટે

www.lockyervalley.qld.gov.au

૧૩૦૦ ૦૦૫ ૮૭૨

mailbox@lvrc.qld.gov.au

આ કાર્યક્રમ માટે સંયુક્ત રીતે ઓસ્ટ્રેલિયાની અને ક્વીન્સલેન્ડની સરકારો દ્વારા ડિઝાસ્ટર રિકવરી ફંડિંગ વ્યવસ્થા હેઠળ ભંડોળ પૂરું પાડવામાં આવ્યું છે. આ ઉત્પાદન માટે ભંડોળ ઓસ્ટ્રેલિયા અને ક્વીન્સલેન્ડ બંને સરકારો દ્વારા પ્રદાન કરવામાં આવ્યું હોવા છતાં, અહીં સમાયેલ સામગ્રી આવશ્યકપણે કોઇપણ સરકારના મંતવ્યોને દર્શાવતી નથી

## માહિતગાર રહો

**આપત્તિ સૂચનાપટ**
disaster.lvrc.qld.gov.au

Gujarati | ગુજરાતી

# તૈયાર રહેવા માટે યોજના બનાવો

આપત્તિઓ કોઈપણ સમયે આવી શકે છે



Australian Government

Queensland Government

Lockyer Valley REGIONAL COUNCIL

## જોખમો વિશે જાણો

- તમારા સ્થાનિક જોખમો અને તે તમને કેવી રીતે અસર કરી શકે છે તે સમજો
- મોટાભાગના જોખમો ચોક્કસ સમયે જ પરાકાષ્ઠા પર રહેતા હોવા છતાં, અન્ય સમયે નિશ્ચિંત ન રહો, તોફાનો કોઈપણ સમયે આવી શકે છે.
- લોકિયર વેલીમાં મુખ્ય જોખમો આગ, પૂર, તોફાન અને તીવ્ર ગરમી છે.

## એક યોજના બનાવી રાખો

- જોખમોની અસરનો તમે કેવી રીતે સામનો કરશો તે માટે ઘરમાં આપાતકાળ યોજના બનાવીને રાખો.
- તમારા ઘરનાં દરેકને તેમાં સામેલ કરો
- તમારી યોજના લખીલો અને તેને અદ્યતન રાખવા માટે નિયમિતપણે તપાસતાં રહો.
- પ્રાણીઓ અને પાલતુ પ્રાણીઓ માટે કોઈપણ વિશેષ જરૂરિયાતો અને યોજનાઓનો સમાવેશ પણ કરો.

## કીટ તૈયાર કરો

ઇમર્જન્સી કિટમાં મૂળભૂત વસ્તુઓ હોય છે જે તમને આપાતકાળમાં કેટલાક દિવસો સુધી જીવન નિર્વાહમાં મદદ કરે.

જો તમારે ઘર છોડીને નિકળી જવું પડે તો સાથે લઇ જવી જરૂરી હોય તેવી વધારાની વસ્તુઓ ઇવેક્યુએશન કિટ્સમાં રાખો.

## તમારી ઇમર્જન્સી કીટમાં શું રાખવું

- આપાતકાળ સંપર્ક નંબરો સાથે ઘર-પરિવાર માટેની આપાતકાળ યોજના.
- ઓળખના દસ્તાવેજો (દા.ત. પાસપોર્ટ, જન્મ પ્રમાણપત્ર, વગેરે)
- તમારા માટે ખાસ હોય તેવા ફોટાઓની નકલો (સૂચન: ખાસ ફોટા અને મહત્વપૂર્ણ ફાઇલોને ક્લાઉડ પર અપલોડ કરીને સુરક્ષિત રાખી શકાય છે)

- મેડિકેર અને પેન્શન કાર્ડની વિગતો
- વર્તમાન દવાઓ અને દવાની ચિઠ્ઠીઓ
- પરિવાર અને પાલતુપ્રાણીની તબીબી નોંધો

- બેંક ખાતાં અને ક્રેડિટ કાર્ડની વિગતો
- થોડી રોકડ રકમ
- વીમાનાં કાગળો અથવા પોલિસી નંબરોની સૂચિ અને વીમાકર્તાની સંપર્ક વિગતો (ઘરગથ્થુ વસ્તુઓની સૂચિ સહિત).

## જોડાયેલા રહો અને પગલાં લો

તમારા પડોશીઓને જાણો અને તમારી આપાતકાળ યોજનાઓ વિશે વાત કરો.

વિશ્વસનીય માહિતી ક્યાંથી મેળવવી તે જાણીને માહિતગાર રહો જેથી તમે યોગ્ય પગલાં લઈ શકો.

## જોડાયેલા રહેવા માટેનાં સાધનો

### આપત્તિ સૂચનાપટ

હવામાન ચેતવણી, રસ્તા પર અસરો, વીજપુરવઠો ખોરવાઈ જવો અને વધુ બાબતો પર તાત્કાલિક માહિતીઓ.

- disaster.lvrc.qld.gov.au

### હવામાન સૂચનાઓ

ચેતવણીની સૂચનાઓ મેળવવા હવામાનશાસ્ત્ર કાર્યાલયની બીઓએમ એપ્લિકેશન પર સાઇન અપ કરો. આવું આપત્તિ સૂચનાપટ (ડિઝાસ્ટર ડેશબોર્ડ) અથવા બ્યુરોની વેબસાઇટ દ્વારા કરી શકાય છે જેથી તમને સંભવિત જોખમો વિશે જાગૃત રહેવામાં મદદ મળે.

### રેડિયો

આપાતકાળમાં માહિતી માટે રેડિયો સાંભળો:

- ABC 612 (બ્રિસ્બેન)
- ABC 747 (દક્ષિણ ક્વિન્સલેન્ડ)
- River 949 FM